ક્રમાંક:રાપબો/CET/2026/1103-1190

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા:23/૦૧/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ.

વિષય:-કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) 2026 ની હોલટિકિટ પ્રસિધ્ધ કરવા બાબત.

સંદર્ભ:- (૧) આ કચેરીના તા.01/12/2025ના જાહેરનામા ક્રમાંકઃરાપબો/CET/2026/13802-903

(૨) આ કચેરીના તા.04/12/2025ના જાહેરનામા ક્રમાંકઃરાપબો/CET/2026/13929-14029

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત જાહેરનામાઓથી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) પરીક્ષા <u>તા:૩૧/૦૧/૨૦૨૬ ના રોજ ૧.૦૦ થી ૩.૩૦</u> કલાકે રાજયના તમામ જિલ્લાઓમાં યોજનાર છે.

આ પરીક્ષા માટેની હોલટિકિટ તા.૨૩/૦૧/૨૦૨૬થી લાઇવ કરવામાં આવેલ છે. જે તા.૩૧/૦૧/૨૦૨૬ના પરીક્ષા શરૂ થવાના સમય સુધી શાળા દ્વારા ડાઉનલોડ કરી શકાશે. સંબંધિત શાળાના આચાર્ય/શિક્ષક દ્વારા આ સાથે સામેલ સ્ટેપ્સ તથા QR CODE થી હોલટિકિટ ડાઉનલોડ કરી શકાશે.

આ પરીક્ષામાં ધોરણ-પના જે વિદ્યાર્થીઓ નામાંકન થયેલ છે તેમની હોલટિકિટ શાળા મારફતે ડાઉનલોડ કરાવી સંબંધિત વિદ્યાર્થીને પહોંચતી કરવાની કાર્યવાહી કરવા અંગેની સૂચના આપશો.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ.</u>

- માન.સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
- માન. નિયામકશ્રી શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર

કોમનએન્ટ્રન્સટેસ્ટ(CET) 2026પરીક્ષાની હોલ ટિકિટ ડાઉનલોડ કરવાના સ્ટેપ્સ

# CET(કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ)

QR Code

- સંબંધિત શાળાઓએ સૌ પ્રથમ https://web.convegenius.ai/bots?botId=0286435578413915 આ લિંક પર જવાનું રહેશે.
- આ લિંક ઉપર જતા આપે સૌ પ્રથમ I am Teacher પર ક્લિકકરવુ.
- ત્યારબાદ તમને શાળાનો કોડ દાખલ કરવાનું કહેશે જ્યાં આપે 11 આંકડાનો શાળાનો કોડ નાંખવો.
- ત્યાર બાદ આપને આપનો ટીચર કોડ પૂછશે જ્યાં આપે આપનો 8 આંકડાનો ટીચર કોડ નાંખવાનો રહેશે.
- આ પછી આપને ધોરણ પૂછશે, જયાં આપે ધોરણ 5 સિલેક્ટ કરવાનુ છે.
- ત્યાર બાદ આપ આખા વર્ગનું કે કોઈ એક વિદ્યાર્થીનું એમ બે વિકલ્પ આવે તેમાંથી આપે પસંદ કરવાનું રહેશે.
- જો આપ કોઈ એક વર્ગ પસંદ કરશો તો તે વર્ગના બધાજ બાળકોની એકજ ફાઈલમાં હોલ ટિકિટ આવી જશે.
- આ ઉપરાંત જો આપને કોઈ એક વિદ્યાર્થિની હોલ ટિકિટ કાઢવી હોય તો આપને બધાંજવિદ્યાર્થીઓની યાદી મળશે જેમાંથી કોઈ એક સિલેક્ટ કરતા તેની હોલ ટીકીટનીફાઈલ મળશે.